# જાહેરનામુ

## પોલીસ કમિશનર, અમદાવાદ શહેર મુંબઇ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(એન), ૩૬(ઇ)(એ) અને ૩૮ મુજબના હુકમ ક્રમાંક:- ગ/ઉપક/૩૯૮ /૨૦૧૩ તા:- ૧૮-૦૯-૨૦૧૩

અમદાવાદ શહેર, પોલીસ કમિશનર હકુમત હેઠળના વિસ્તારમાં જાહેર જનતાને થતી હેરાનગતિ અટકાવવા માટે મુંબઇ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(એન), ૩૬(ઇ)(એ), ૩૭(૩) અને ૩૮ હેઠળ મળેલ સત્તાની રૂએ હુ એસ.કે. સાઇકીયા, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર આથી ફરમાવુ છુ કે, નીચે જણાવેલ વિસ્તારમાં <u>તા:-૦૫.૧૦.૨૦૧૩ થી તા:- ૧૩.૧૦.૨૦૧૩</u> સુધી કોઇપણ ખાનગી કે જાહેર સ્થળે રાત્રીના સમયે ક:-૧૨.૦૦ વાગ્યા પછી કોઇપણ ગરબા, રાસ-ગરબા કે કાર્યક્રમમાં માઇક તથા લાઉડ સ્પીકર ચાલુ રાખી શકાશે નહી. માઇક તથા લાઉડ સ્પીકરનો ઉપયોગ નોઇસ પોલ્યુશન(રેગ્યુલેશન એન્ડ કંટ્રોલ) રૂલ્સ ૨૦૦૦ની કલમ ૫(૨)(૩)ની જોગવાઇઓને આધીન તથા ગુજરાત સરકારના તા:-૨૨-૭-૦૯ના પત્રમાં જણાવેલ તા:-૧૧-૬-૦૯ના જાહેરનામા અનુસાર રાત્રીના ૧૨.૦૦ વાગ્યા સુધી કરવાનો રહેશે. રાત્રીના ૧૨.૦૦ બાદ કોઇ પબ્લીક એડ્રેસ સિસ્ટમ વાજીંત્ર કે ઢોલ પણ વગાડવો નહી.

## વિસ્તાર

**અમદાવાદ શહેર, પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર**

**ઉપરોક્ત હુકમનો ઉલ્લંઘન કરનાર મુંબઇ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧,૧૩૪,૧૩૫,૧૩૬, અને ઇપીકો ક.૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.**

હું આથી આદેશ આપુ છુ કે, આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારમાં સહેલાઇથી જોઇ શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશ વાણી કે દુરદર્શન ઉપરથી કરાવવી.

આજ રોજ તા:-૧૮.૦૯.૨૦૧૩ના રોજ મારી સહી અને સિક્કાથી આપેલ છે.

18/9/13

(એસ.કે. સાઇકીયા)
પોલીસ કમિશનર
અમદાવાદ શહેર

Commissioner of Police

તા:-૧૮.૦૯.૨૦૧૩
અમદાવાદ

**નકલ સ.રવાના:-**

૧. મેનેજરશ્રી, ગવર્મેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ, વડોદરા
૨/-ગુજરાત ગવર્મેન્ટ ગેઝેટમાં પ્રસિધ્ધ કરવા સારૂ

૨.અગ્ર સચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર
૩. પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા. પોલીસ ભવન, ગાંધીનગર
૪. કલેકટરશ્રી, જીલ્લા કલેકટરની કચેરી, સુભાષબ્રીઝ, અમદાવાદ
૫. રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, ગુ.રા. અમદાવાદ,(૫ નકલ)
૬. રજીસ્ટ્રારશ્રી, સીવીલ અને સેશન્સ કોર્ટ,ભદ્ર, અમદાવાદ,(૫ નકલ)
૭. રજીસ્ટ્રારશ્રી, સેશન્સ કોર્ટ,ભદ્ર, અમદાવાદ,(૫ નકલ)
૮.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, ઘીકાંટા, અમદાવાદ,(૨૫ નકલ)
૯.મ્યુનિસિપલ કમિશનરશ્રી, દાણાપીઠ, અમદાવાદ શહેર,
૧૦.પબ્લીક પ્રોસીક્યુટરશ્રી, સીટી સીવીલ અને મેટ્રોપોલીટન કોર્ટ અમદાવાદ શહેર,
૧૧. સીનીયર પોલીસ પ્રોસીક્યુટરશ્રી, અમદાવાદ શહેર,
૧૨.માહીતી નિયામકશ્રી, સચિવાલય, ગાંધીનગર (૨ નકલમાં )
૨/- જાણ સારૂ અને દૈનિક સમાચાર પત્રોમાં પ્રસિધ્ધ કરાવવા સારૂ

<u>નકલ રવાના:-</u>

૧૩.સંયુક્ત પોલીસ કમિશનરશ્રી, સેકટર-૧ અને ૨, ટ્રાફીક, મુખ્ય મથક, વિષેશશાખા, ક્રાઇમ, અમદાવાદ શહેર
૧૪.તમામ નાયબ પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેર
૧૫. તમામ મદદનીશ પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેર
૧૬. જંન સપંર્ક અધિકારીશ્રી, કંટ્રોલ રૂમ, અમદાવાદ શહેર
૨/- જાણ સારૂ દૈનિક પત્રોમાં, દુરદર્શન, આકાશવાણી ઉપર પ્રસિધ્ધ કરવા સારૂ
૧૭. તમામ પો.ઇશ્રી, તમામ પોલીસ સ્ટેશન , અમદાવાદ શહેર
૨/- જાણ સારૂ તેમજ પો.સ્ટે. વિસ્તારમાં જાહેરાત માટે અને અમલ થાય તેની તકેદારી રાખવા સારૂ
૧૮. મદદનીશ પોલીસ કમિશનરશ્રી, ટ્રાફીક બ્રાન્ચ , અમદાવાદ શહેર(૮ નકલમાં )
૨/-ટ્રાફીક મોબાઇલ વાન મારફતે જાહેરનામાની જાહેરાત કરવા સારૂ

# નવરાત્રી મહોત્સવ દરમ્યાન આયોજકો/વ્યવસ્થાપકોને સૂચના

૧. ગરબીની સ્થાપના તેમજ રાત્રીના ગરબાના કાર્યક્રમો જાહેર જનતાને અડચણ/અવરોધરુપ ન થાય તેવી જગ્યાએ દાં.ત. કોમન પ્લોટ, જાહેર ઉપયોગી જગ્યાઓ, ખાનગી પ્લોટ વગેરે જગ્યાએ થાય તેની તકેદારી રાખવી.

૨. ગરબાના સ્થળે વાહનોના પાર્કીંગની પુરતી વ્યવસ્થા અલગ ખુલ્લી જગ્યાએ કરવી અને તે સ્થળે વોલેન્ટીયર્સ/ ખાનગી સીક્યુરીટી મારફતે વ્યવસ્થા જાળવવી. પાર્કીંગ રોડ ઉપર થવુ જોઇએ નહી. રોડ ઉપર પાર્કીંગ થવાથી આપેલ પરવાનગી રદ થવા પાત્ર રહેશે. જગ્યાની સામે ૨૦૦ મીટર સુધી ટ્રાફીક જામ ન થાય તે જોવું.

૩. ગરબાના સ્થળની અંદર કોઇ પણ વસ્તુ નહી લઇ જવા દઇ, પ્રવેશ દ્વાર ખાતે ચેકીંગ કરી જવા દેવાય તેવી વ્યવસ્થા કરવી અને આયોજકોએ ફોટા સહીતનું ઓળખપત્ર ધરાવતો જાણીતો સ્ટાફ રાખવો. જેથી અનાધિકૃત વ્યક્તિ આયોજક તરીકે ઘુસી ન જાય કે ભાંગફોડીયા પ્રવૃતિ કરી ન શકે. પ્રવેશની જગ્યાએ તથા ગરબા રમાતા હોય ત્યાં ક્લોઝ સર્કીટ કેમેરા(HDCCTV) મુકાવી અસામાજિક તત્વો દ્વારા અનિચ્છનીય કૃત્ય ન થાય તેની તકેદારી રાખવી.

૪.ગરબાના સ્થળે આયોજકોએ પબ્લીક એડ્રેસ સીસ્ટમ દ્વારા એકઠા થયેલ લોકોને પોતાના પાકીટ, મોબાઇલ ફોન વ્યવસ્થિત સાચવવા પોતાના વાહનો વ્યવસ્થિત પાર્ક કરવા સુચના કરતાં રહેવુ.

૫. ગરબાનું આયોજન થતુ હોય ત્યાં પ્રવેશદ્વાર પર ડોરફ્રેમ મેટલ ડીટેકટર/હેન્ડ હેલ્ડ મેટલ ડીટેક્ટર તથા સીક્યુરીટી સ્ટાફ રાખવો અને શંકાસ્પદ વ્યક્તિની શારીરિક ચકાસણી કરવી. મહિલા સુરક્ષા કર્મચારી પણ સલામતી વ્યવસ્થા માટે રાખવા, એન્ટ્રન્સ તથા એકઝીટ મોટા રાખવા તથા અલગ અલગ સ્થળે રાખવા. બન્ને જગ્યાએ બેરી કેટીંગ રાખવી.

૬. કોઇપણ શંકાસ્પદ વ્યક્તિ ગરબામાં જણાય તો તાત્કાલીક સ્થાનીક પોલીસ અને <u>**City Police Control Room (No.100)**</u> ને જાણ કરવી.

૭. ગરબાના સ્થળે ઇલેક્ટ્રીક સીસ્ટમ માટે મેઇન્ટેનન્સ સ્ટાફ હાજર રાખવો અને કોર્પોરેશને કરેલ નિયમો અનુસાર જરુરી અગ્નિશામક સાધનો રાખવા. <u>**MCB/MILLB**</u> અવશ્ય લગાવવી.

૮. ગરબાઓમાં કાર્યક્રમ માટે મોટા સ્ટેજ ઉભા કરવામાં આવે છે તેની મજબુતાઇ અંગે PWD એન્જી.નુ પ્રમાણપત્ર મેળવવુ તેમજ તે સ્ટેજ નીચે શંકાસ્પદ વસ્તુઓ અંગે અવાર નવાર ચેકીંગ રાખવુ. શંકાસ્પદ વસ્તુ જણાય તો, તાત્કાલીક સ્થાનિક પોલીસને જાણ કરવી અને તે વસ્તુથી લોકોને દૂર રાખવા.

૯. વિજળીનો પ્રવાહ બંધ થઇ જાય તો મુશ્કેલી ઉભી ન થાય તે માટે સ્ટેન્ડ બાય જનરેટર રાખવુ અને અગત્યની વસ્તુઓ પ્રકાશીત રહી શકે તેવી વૈકલ્પીક લાઇટની વ્યવસ્થા ગોઠવવી.

૧૦. ગરબાના કાર્યક્રમની મંજુરી આપેલ સમય મર્યાદામાં પુરો થાય તે જોવુ. રાત્રિના ૧૨.૦૦ વાગ્યા બાદ સાઉન્ડ સીસ્ટમ કે ઢોલ વગાડી શકાશે નહી.

૧૧. સરકારશ્રી દ્વારા નક્કી થયા મુજબ તા:-૦૫.૧૦.૨૦૧૩ થી તા:- ૧૩.૧૦.૨૦૧૩ સુધી ગરબા કાર્યક્રમો રાત્રીના ક.૧૨.૦૦ સુધી જ ચલાવવા પરવાનગી આપવામાં આવેલ છે. જેથી રાત્રીના ક.૧૨.૦૦ બાદ માઇક/સાઉન્ડ સીસ્ટમ વગાડી શકાશે નહી.

૧૨. નવરાત્રી મહોત્સવ દરમ્યાન આયોજકો/વ્યવસ્થાપકોએ નવરાત્રી/શરદપૂનમના રાસગરબાના સ્થળે પ્રવર્તમાન સંજોગોને ધ્યાને લઇ ગંદકી કે કોઇ રોગચાળો ન ફેલાય તે માટે અગમચેતીના પગલાં ભરવાની જવાબદારી રહેશે.

૧૩. નવરાત્રી મહોત્સવ અને વિધાનસભાની ચુંટણીની આચારસંહિતા સાથો સાથ હોઇ કાર્યક્રમ દરમ્યાન ચુંટણી આચાર સંહિતાનો કોઇ ભંગ ન થાય તેની સંપુર્ણ જવાબદારી આયોજકની રહેશે.

**દશેરા શોભાયાત્રા, રાવણદહન કાર્યક્રમો દરમ્યાન આયોજકો/વ્યવસ્થાપકોને સુચનો**

કાર્યક્રમમાં/શોભાયાત્રામાં મદ્યપાન/નશો કરેલ ઇસમો સામેલ ન થાય, રસ્તામાં અબીલ ગુલાલ છુટા હાથે ગમે તેના ઉપર ન છાંટવામાં આવે, મસ્જીદ સામે કે લઘુમતીઓના વિસ્તારમાં ધાર્મિક લાગણી દુભાય તેવા સુત્રોચ્ચાર નહી કરવા, ત્યાં વધુ નહી રોકાવા તેમજ નમાજના સમયે મસ્જીદો આગળ મોટેથી વાજીંત્રો, સુત્રોચ્ચારો નહી કરવા વગેરે બાબતોએ શોભાયાત્રામાં સામેલ તમામને સમજ કરી તેનુ ચુસ્ત પાલન કરાવવુ અને કરાવવા માટે આયોજકોએ બન્દોબસ્તમાં હાજર પોલીસને સક્રિય સહકાર આપવો.

રાવણ દહનના કાર્યક્રમમાં મોટી સંખ્યામાં જનમેદની ભેગી થતી હોઇ, રાવણ દહનથી પુતળામાં મુકેલ ફટાકડા વગેરે ફુટે ત્યારે આગ વગેરે અકસ્માતનો બનાવ ન બને તેટલી સલામત જગ્યા તેના ગોળાકારમાં રાખવામાં આવે તેની તકેદારી રાખવી.

18/9/13

**(એસ.કે સાઇકીયા)**
પોલીસ કમિશનર
અમદવાદ શહેર